Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ


# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૩૨ • તા. ૧૦ ઑગસ્ટ થી ૧૬ ઑગસ્ટ ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રધ્ધાંજલિ સુમન



### સ્વ. શ્રી પ્રેમચંદ મુલજી સોનાવાલા

ગામ : નલીયા – હાલ : માટુંગા

કુટુંબ સ્નેહીઓ પ્રત્યે લાગણીવંત, દિન દુઃખી પ્રત્યે કરૂણાવંત,
દિલના તમે દરિયાવંત, દેવ-ગુરૂ પ્રત્યે ભક્તિવંત, જીવન આપનું ધર્મવંત,
પુરા થયા આપણા ઋણાનુબંધ, આપના ચરણોમાં અમારા, કોટી કોટી વંદન.....

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ
શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ
શ્રી અનંત આરોગ્ય નિધી, દેવલાલી
શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ, મુંબઈ

# આદરાંજલિ







## સ્વ. શ્રી પ્રેમચંદ મુલજી સોનાવાલા

ગામ : નલીયા – હાલ : માટુંગા

તમે સધ્ધર અરિહંત બેંકના સ્વપ્નને કર્યું સાકાર,
વિશિષ્ટ વહીવટ શક્તિ તમારી અપાર....
જવાબદારી લઈ દીધો સંસ્થાઓને આધાર !
અરિહંત શરણે શાંતિ પામો પારાવાર....

આપશ્રીએ 'અરિહંત બેંક'ના પ્રારંભથી ડાયરેક્ટર, ૧૯૯૨ થી ૧૯૯૫ સુધી વાઈસ ચેરમેન અને ૨૦૦૧ થી ૨૦૦૫ ચેરમેન પદે રહી બેંકની ઉત્તરોત્તર પ્રગતિ અને વિકાસમાં સાત્યત્યપણે સક્રિયતાથી જે અપ્રતિમ સેવાઓ આપી તે કદાપિ વિસરાશે નહીં.

વિશેષ કરીને બેંકની સિલ્વર જ્યુબીલી ફંકશનનું સેલીબ્રેશન તેના કન્વીનર તરીકે ઉમંગથી આયોજિત કરી આપે તેને અવિસ્મરણીય બનાવ્યું, એ હંમેશા યાદ રહેશે.

CA ઠાકરશી મેઘજી ગોસર – પ્રારંભિક પ્રમોટર અને ભૂ.પૂ. ચેરમેન
CA કલ્યાણજી ચાંપશી છેડા – વર્તમાન વાઈસ ચેરમેન
CA મણીકાંત વિસનજી નાગડા – વર્તમાન ડાયરેક્ટર
ગુલાબ ડુંગરશી ધરમશી – વર્તમાન ડાયરેક્ટર
નીતીન રાયચંદ રાયલા – વર્તમાન ડાયરેક્ટર

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 32/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## તંત્રી સમીપે

# અનંતછાયા નવો વિવાદ જ્ઞાતિઅગ્રણીઓની કસોટી લેશે

છેલ્લા ત્રણેક મહીનાથી અનંતછાયા ની જમીન પર બાંધકામ અને પુનર્વિકાસનું કામ ધીમું પડી ગયું છે અને જાણે તે બંધ પડી ગયું હોય તેવી લગભગ પરિસ્થિતિ દેખાઈ રહી છે તેથી ન કેવળ ભાડુતોનાં દ્રષ્ટિકોણથી પરંતુ જ્ઞાતિ દ્રષ્ટિએ સમગ્રપણે પણ ચિંતાજનક માહોલ ઊભો થયો છે.

આવી પરિસ્થિતિ માટે જે કેટલાક પરિબળો કારણભૂત હોઇ શકે અથવા હકીકતમાં એ હોય પણ ખરા તેની વિગતોમાં જઈએ તો આખો પુનર્વિકાસનો પ્રકલ્પ અનિશ્ચિતતામાં ધકેલાઈ જાય તેવું ચિત્ર ઊભરે છે જે સ્વાભાવિકત : ઓર ચિંતાજનક ગણાવું જોઈએ.

અનંતનાથજી ટ્રસ્ટના ૨૦૧૦-૧૫ દરમ્યાનના ભૂતપૂર્વ ટ્રસ્ટીઓએ અનંતછાયાનું વેચાણ કરવા નવેમ્બર ૨૦૧૧માં નિર્ણય લીધો તે પછીના ઘટનાક્રમમાં સમગ્ર જ્ઞાતિ સ્તરે આ વેચાણ થવું જ ન જોઈએ અને તે વખતના ટ્રસ્ટીઓએ વેચાણ કીમત ઘણી ઓછી આંકી છે તે પ્રકારે વિરોધ થયો અને આ બે મુદ્દામાંથી બજાર કિંમતનો મુદ્દો સૌથી મોખરે રહ્યો, જે નવા ટ્રસ્ટ બોર્ડે આ એપ્રિલથી કાર્યભાર સંભાળ્યો તે પછી હજી પણ અવ્વલ સ્થાને ઊભો જ છે અને તેની સાથે સાથે બીજા બે ત્રણ એટલા જ ગંભીર મુદ્દાઓનો ઉમેરો થયો છે, જેનો સંયુક્ત પ્રભાવ વર્તમાન ટ્રસ્ટીઓની વહીવટી કાર્યક્ષમતા અને જ્ઞાતિહિતની ખેવનાના મુદ્દે આકરી કસોટી લેવાનો છે, તે વર્તમાન પરિસ્થિતિમાં જે કેટલાક કાનૂની પ્રશ્નો ને કાર્યવાહીઓએ આકાર લીધો છે તેની વિચારણા કરતાં સ્પષ્ટ બન્યું છે.

વર્તમાન ટ્રસ્ટબોર્ડે ટ્રસ્ટનો વહીવટ અખત્યાર કર્યો તેના દોઢેક મહીનામાં જ છ જ્ઞાતિસભ્યોએ (જેમાંથી કેટલાક અનંતછાયાના ભાડુતો છે) ચેરીટી કમીશ્નર સમક્ષ એક અરજી નોંધાવીને ડૉ.લક્ષ્મીબેન ખોના અને ચંદ્રસેન મોમાયાની વર્ષ ૨૦૧૨ની અનંતછાયાના વેચાણ બાબતે એ વખતના ટ્રસ્ટબોર્ડે લીધેલ નિર્ણયોને પડકારતી મુખ્ય અરજી સંદર્ભે ચેરીટી કમીશ્નરે જાન્યુઆરી ૨૦૧૩માં વેચાણ મંજુર કરતા આપેલા આદેશને પાછો ખેંચવા દાદ માગી છે અને ગત ટ્રસ્ટબોર્ડે નિયુક્ત કરેલ ડેવલપર (હકીકતમાં ખરીદકર્તા) દ્વારા અનંતછાયાની મિલકતને ગેરકાનુની રીતે ઝુંપડપટ્ટી વિસ્તાર કે બિલ્ડીંગ દર્શાવી અનેક ગણી મૂળ એફ.એસ.આઈ અપાવતી યોજના મંજુર કરાવાઈ છે તેને રદ કરવા અને તેના આધારે મંજુર થયેલા પ્લાન તેમજ તેની રૂએ થઈ રહેલા બાંધકામને રોકવા પણ આદેશ મેળવવા કાર્યવાહી કરી છે. આને લીધે અનંતછાયાના વેચાણનો મુદ્દો હવે પાછો નવેસરથી જ્ઞાતિના કેન્દ્રમંચ પર દ્રશ્યમાન બન્યો છે.

એકબીજાના નજીકના કુટુંબીજનો એવા ઉક્ત છ જ્ઞાતિજનો (રાજેશ પુનશી લોડાયા અને અન્ય) એ અનંતનાથ ટ્રસ્ટના લાભાર્થીની ક્ષમતામાં ચેરીટી કમીશ્નર સમક્ષ કરેલ ઉક્ત અરજીમાં અનંતનાથજી ટ્રસ્ટને અને વર્તમાન ૧૧ ટ્રસ્ટીઓને સામેલ કરીને પ્રથમ વિપક્ષકાર, વર્તમાન ડેવલપરને બીજા વિપક્ષકાર તેમજ સ્લમ રીહેબીલીટેશન ઓથોરીટીને ત્રીજા વિપક્ષકાર તરીકે ઉક્ત કાર્યવાહીમાં જવાબદારો બનાવ્યા છે. અલબત, એ સૂચક છે કે જુના ટ્રસ્ટીઓના નિર્ણયોને અને દાવાઓને આ અરજીમાં પડકારવામાં આવ્યા છે પરંતુ તેમને તેમાં વિપક્ષકાર કે જવાબદાર તરીકે લેવામાં આવ્યા નથી.

ઉપરોક્ત અરજીકર્તાઓએ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશનના કેટલાક રેગ્યુલેશનનો સંદર્ભ આપીને અનંતછાયાની જમીન પર ૯૩૦૦ ચો.ફુટનું દેરાસર તથા ૯૩૦૦ ચો.ફુટનું ઉપાશ્રય બનાવી શકાય છે તેમજ આખા પ્રકલ્પના ભાગ બનતા વિવિધ બાંધકામો બાબતે ખર્ચની વિગતો

દર્શાવીને લગભગ ૬૮૦૦૦ ચો.ફુટ જેટલા ક્ષેત્રફળના ફ્લેટો વેચાણ માટે ઉપલબ્ધ થઈ શકે છે જેથી લગભગ ૧૬૭ કરોડનો વધારો કે નફો મળી શકે છે, તેવો દાવો પોતાની અરજીમાં કર્યો છે અને આ પ્રકલ્પ ઝુંપડપટ્ટી પુનર્વસનના ઓઠા હેઠળ મંજુર કરાયો છે તે તદન ગેરકાયદેસર હોવાથી તે મંજુરી રદ કરવા પાત્ર છે તેવા મુદ્દાઓ લીધા છે. એટલે ઉક્ત અરજી સંદર્ભે વર્તમાન ટ્રસ્ટીઓ અને ડેવલપર પોતપોતાની કેફિયતો નોંધાવશે અને તેની સુનાવણી પછી ચેરીટી કશ્મીનર નિર્ણય આપશે તે માટે ઓછામાં ઓછા છ મહીના સુધી આ કાર્યવાહી લંબાશે ત્યાં સુધી જ્ઞાતિજનો અને અનંતછાયાના ભાડુતો, જેઓ એકાદ વર્ષથી અન્ય વસવાટ કરી રહ્યા છે, તેઓ સૌ શંકા–કુશંકા અને ચિંતા અનુભવશે.

આથી ભાડુતો માટે બની રહેલા ટાવરના બાંધકામમાં કોઈ અવરોધ કે અટકાયત ન આવે તે પ્રકારનો માર્ગ નીકળી શકે તે વર્તમાન ટ્રસ્ટીઓ ઉક્ત કાનૂની કાર્યવાહીમાં કેટલા સતર્ક છે કે રહેશે તેના પર નિર્ભર છે. આ રીતે ટ્રસ્ટીઓ એક અઘરી કસોટીનો પડકાર કેવી રીતે ઝીલશે તે પ્રશ્ન હવે પ્રસ્તુત બન્યો છે.

જ્યાં સુધી ભૂતપૂર્વ ટ્રસ્ટીઓને સંબંધિત છે ત્યાં સુધી એટલું તો ચોક્કસપણે કહી શકાય કે ઉક્ત અરજીમાં તેમને ભલે વિપક્ષકાર તરીકે સામેલ નથી કરાયા પરંતુ ડેવલપર દ્વારા થયેલ ઉપર ઉલ્લેખેલ કાર્યવાહી બદલ તેમની કાનૂની રીતે જવાબદારી રહે છે. આના કારણમાં જે હકીકત નોંધનીય ગણાય તે એ છે કે તેમણે માર્ચ ૨૦૧૩માં પોતાની ટ્રસ્ટીઓ તરીકેની ક્ષમતામાં ડેવલપર સાથે વેચાણ કરાર કર્યો હતો ત્યારે સાથે સાથે પાવર ઓફ એટર્નીના રજીસ્ટર્ડ દસ્તાવેજથી ડેવલપરને અનંતછાયાની મિલકત સંબધિત લગભગ બધે બધા અધિકારો આપ્યા હતા, જેનો ડેવલપર ગેરઉપયોગ પણ કરી શકે તેમ છે. અલબત્ત આ મુખત્યારનામાની સાથોસાથ ઈન્ડેમનીટીનો દસ્તાવેજ પણ ટ્રસ્ટીઓની તરફેણમાં રજીસ્ટર્ડ કરાયો હોવો જોઈએ જેથી ડેવલપર દ્વારા ઉક્ત પાવર ઓફ એટર્નીની રૂએ ટ્રસ્ટીઓ વતી કોઈ પણ ગેરકાનુની રજુઆત કરવામાં કે મંજુરી મેળવવામાં આવે તો ટ્રસ્ટીઓને તે બંધનકર્તા નહીં રહે અને તેથી ટ્રસ્ટને થયેલ નુકસાની ભરપાઈ કરવાની ડેવલપરની જવાબદારી રહે.

આ સાથે એ પણ નોંધનીય છે કે ચેરીટી કમીશનરે જાન્યુઆરી ૨૦૧૩માં અનંતછાયાના વેચાણની મંજુરી આપી તેને હાઈકોર્ટમાં પડકારતી રીટ પીટીશનો જુલાઈ ૨૦૧૩માં ખારીજ થઈ તે પછી જ ડેવપલરે ઉક્ત પાવર ઓફ એટર્નીની રૂએ અનંતછાયાને ઝુંપડપટ્ટી કક્ષાની પ્રોપર્ટી જાહેર કરાવવા કરેલ અરજીના સંદર્ભે ઓક્ટોબર ૨૦૧૩માં આ ઝુંપડપટ્ટી પુનર્વિકાસ કે સુધારણાની સ્કીમ મંજુર થઈ.

તેવી જ રીતે એ પણ સૂચક છે કે એપ્રિલ ૨૦૧૩માં હાઈકોર્ટમાં રીટ પીટિશનોની સુનાવણી વખતે તેમજ જુલાઈ ૨૦૧૪માં રીવ્યુ પીટીશનની સુનાવણી વખતે જ્યારે

---

## જાહેરાતકારોને સહકાર આપવા વિનંતી.

**પ્રકાશ સમીક્ષાના ચાલુ અંક માટેની મેટર અને જાહેરાતો આમ તો બુધવાર સુધી મળી જાય તેમ મોકલવાની હોય છે. અલબત, પાર્ટી જો પોતે જાહેરાત બનાવરાવીને મોકલવાની હોય તો તે એકાદ દિવસ મોડેથી મોકલે તો પણ ચાલે, જો કે તે માટે આગાઉ થી જાણ કરીને જગ્યા બુક કરી લેવાનું જરૂરી છે.**

**કેટલીક પાર્ટીઓ અમે જાહેરાત બનાવીને તેમની બતાવીએ એવો આગ્રહ રાખતી હોય છે, તેમની જણાવવાનું કે અમારે માટે આ શક્ય નથી એટલે તેમને જાતેજ બનાવીને મોકલવી.**

**પ્રકાશ–સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક–વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

**વિશેષમાં નોંધ લેવા વિનંતી કે ઉક્ત દરો સર્વે માટે, મહાજન કે સંસ્થાઓ સહિત સમાન રહેશે. ફક્ત નીચેના સંજોગોમાં ડિસ્કાઉન્ટ અપાશે : ઓછામા ઓછા પા પાનની ૧) દશ જાહેરાત આપનારને ૧૦% ડિસ્કાઉંટ, ૨) પચ્ચીસ જાહેરાત આપનારને ૧૫% ડિસ્કાઉંટ, ૩) બધા અંકોમાં જાહેરાત આપનારને ૨૦% ડિસ્કાઉંટ. આ ડિસ્કાઉંટનો લાભ મેળવા ઈચ્છુકોએ જાહેરાતની સંપૂર્ણ રકમ અગોતરી (એડવાન્સ) ચૂકવવાની રહેશે.**

**આ ઉપરાંત લવાજમમાં પણ પ્રેસ રજીસ્ટ્રારના દફ્તરે યોગ્ય વિધિ કર્યા પશ્ચાત વધારો થશે જે વાર્ષિક રૂા. ૨૦૦/- થશે.**

અનંતછાયાની બજાર કિંમત વિશે દલીલો કરાઈ હતી ત્યારે તે મિલકત ઝુંપડપટ્ટી કક્ષાની છે અને તેના આધારે ૬૫૦૦૦ કે ૬૮૦૦૦ જેટલું ક્ષેત્રફળ અને ટી.ડી.આર અન્વયે એટલું જ વધારાનું ક્ષેત્રફળ વેચાણ માટે ઉપલબ્ધ થઈ શકે છે તે હકીકત ડેવલપરે નામદાર કોર્ટને જણાવી ન હતી.

ભૂતપૂર્વ ટ્રસ્ટબોર્ડમાં નેતૃત્વ ધરાવતા ટ્રસ્ટી પોતાના બિલ્ડર-ડેવલપર તરીકેના વ્યવસાયના અનુભવથી અનંતછાયાની મિલકતની ક્ષમતાથી સંપૂર્ણત: પરિચિત હતા તે દૃષ્ટિએ મિલકતને કાનુની રીતે ઝુંપડપટ્ટીની વ્યાખ્યામાં સુસંગત કરી શકાતી હોત તો તે હકીકત તેમના ધ્યાન બહાર રહી જ ન હોત. એટલે જ, ડેવલપરે પોતાને મળેલ પાવર ઓફ એટર્નીની રૂએ ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ વતી અનંતછાયાને ઝુંપડપટ્ટીનો દરજ્જો અપાવવાની અને તે દ્વારા વેચાણ માટે ચાર થી પાંચ ગણું બાંધકામ મેળવવાની જે કાર્યવાહી કરી છે તે તે વખતના ટ્રસ્ટીઓને વિશ્વાસમાં લીધા વિના અને તેમની જાણ બહાર કરી હોય તે વધુ સંભવ છે. આ મુદ્દો ઉપરોક્ત અરજીની સુનાવણી દરમ્યાન તેમજ અન્ય રીતે પણ વારંવાર સપાટીએ આવતો રહેશે.

એ જે હોય તે, આ તબક્કે તો આ ભૂતપૂર્વ ટ્રસ્ટીઓએ સર્વાધિક પ્રાથમિકતાના ધોરણે ડેવલપરને નોટિસ પાઠવી તેમણે આપેલ ઉક્ત મુખ્યત્યારનામા હેઠળના અધિકારો તેમની ટ્રસ્ટી તરીકેની મુદત પૂરી થઈ હોતાં સત્વરે પાછા ખેંચી લેવા જોઈએ અને નવા ટ્રસ્ટીઓનો સંપર્ક કરવા સૂચના આપવી જોઈએ તેમજ અત્યાર સુધી ઉક્ત મુખત્યારમાનાની રૂએ ડેવલપરે સરકારી, અર્ધ સરકારી, મ્યુનીસીપલ, સ્લમ ઓથોરીટી અને અન્ય અધિકારીઓ સમક્ષ અનંતછાયા સબંધે જે વિવિધ અરજીઓ, રજુઆત વિગેરે કર્યા હોય અને તેના અનુસંધાનમાં જે મંજુરીઓ, સર્ટિફિકેટ, પ્લાન પાસ કરવા પરવાનગી વિગેરે મેળવ્યા હોય તેની પ્રમાણિત નકલો તાત્કાલિક મોકલવા માગણી કરવી જોઈએ અને તે મળ્યા પછી તેમાં જે જે ગેરરજુઆતો, ગેરકાનુની કે ખોટી રજુઆતો કરાઈ હોય તે વિશે સખત વાંધો લઈ તેનો તાર્કિક અંત લાવવા સુધી પગલાં લેવા જોઈએ.

એ રીતે જ, વર્તમાન ટ્રસ્ટીઓએ પણ ડેવલપરને ઉપરોક્ત ભૂતપૂર્વ ટ્રસ્ટીઓએ આપેલ પાવર ઓફ એટર્ની હેઠળ કાર્યવાહી ન કરવા સૂચિત કરવા જોઈએ અને અત્યાર સુધી જે જે અરજીઓ કરાઈ હોય અને હુકમ, પરવાનગી મજુંરી

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ
### મે. વિરચંદ નરશી, નાંદુરા રોડ, મલકાપુર ૪૪૩૧૦૧
### કારોબારી સમિતિની ચુંટણી અંગે અગત્યની જાહેરાત

શ્રી મહારાષ્ટ્ર એકમના બંધારણ મુજબ કારોબારી સમિતિના ૨૧ પુરૂષ સભ્યો તથા ૫ મહિલા સભ્યો (કુલ ૨૬ સભ્યો) માટેની ચુંટણી અગામી સંસ્થાકીય વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૦ સુધીના સમય માટે રાખવામાં આવેલ છે. ચુંટણી એકમના સભ્યોમાંથી કરવામાં આવશે.

**ચુંટણી માટેનો કાર્યક્રમ**

**તા. ૧૩/૦૮/૨૦૧૫ થી ૨૮/૦૮/૨૦૧૫**

સુધી નોમીનેશન ફોર્મ સંસ્થાની ઓફીસથી મેળવી શકાશે. તેમજ લેખીત વિનંતીથી ટપાલ મારફતે મોકલવામાં આવશે.

| | |
|---|---|
| તા. ૧૩/૦૯/૨૦૧૫ | સુધી નોમીનેશન ફોર્મ સંસ્થાની ઓફીસમાં મોકલવાનું રહેશે. |
| તા. ૧૪/૦૯/૨૦૧૫ | નોમીનેશન ફોર્મ ચેક કરવામાં આવશે. |
| તા. ૧૭/૦૯/૨૦૧૫ | મંજુર થયેલ ઉમેદવારી પત્રકના લીસ્ટની જાહેરાત સંસ્થાના નોટીસબોર્ડ પર લગાડવામાં આવશે તેમજ તેઓને ટપાલથી જાણ કરવામાં આવશે. |
| તા. ૨૦/૦૯/૨૦૧૫ | સુધી નોમીનેશન ફોર્મ પાછા લઈ શકાશે |
| તા. ૦૩/૧૦/૨૦૧૫ | ચુંટણી-મતદાન સવારના ૯ થી ૧૧ સુધી |

નોંધ : ૧) તા. ૩૧.૦૩.૨૦૧૫ સુધીના એકમના સભાસદ થયેલ સભ્યોજ ચુંટણીમાં ઉમેદવારી તથા મતદાન કરી શકશે
૨) ચુંટણી માટે નક્કી થયેલ જગ્યા માટે તેથી ઓછા ઉમેદવારી પત્રકો આવશે તો તેઓની વગર ચુંટણીથી ચુંટાઈ આવવાની જાહેરાત તા. ૦૪/૧૦/૨૦૧૫ ની જનરલ સભામાં કરવામાં આવશે.

ચુંટણી માટેનું સ્થળ : શ્રી સુમતિનાથ ભવન, લખાની ચૌક, મલકાપુર ૪૪૩૧૦૧ જી. બુલઢાણા

શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ ચુંટણી અધિકારી

શ્રી ભરતકુમાર નરશીભાઈ દંડ (મલકાપુર) શ્રી હરીશભાઈ જવેરચંદ મૈશેરી (મલકાપુર)

મેળવી હોય તેની પ્રમાણિત નકલો સોંપવા તેમને સત્વરે સૂચના આપવી જોઈએ.

તે ઉપરાંત વર્તમાન ટ્રસ્ટીઓએ ચેરીટી કમીશ્નર સમક્ષની ઉપરોક્ત અરજીમાં જવાબ- કેફિયત રજુ કરવાની બાબતે નિષ્ણાત કાનુની સલાહકારોની નિમણુંક ન કરી હોય તો તે તે અંગે સત્વરે કાર્યવાહી કરવી જોઈએ. ટ્રસ્ટીઓ આ બાબતે સમુચિતપણે ગંભીર અને સતર્ક છે તેની પ્રતીતિ તેઓ જ્ઞાતિજનોને કરાવે એ ખૂબ જ જરૂરી છે, અન્યથા તેમની વિશ્વસનીયતા અને વહીવટી કાર્યક્ષમતા વિષે પણ નકારાત્મક અભિપ્રાય વધુ સઘન બનતો જશે.

હકીકતમાં તો અત્યારની સમગ્ર પરિસ્થિતિ જોતાં ભૂતપૂર્વ અને વર્તમાન ટ્રસ્ટીઓ જ્ઞાતિના વિશાળ હિતને અનુલક્ષીને એકબીજાના વિશ્વાસ અને સંકલનમાં અને જ્ઞાતિના અન્ય અગ્રણીઓ, બિલ્ડરો અને વ્યવસાયિકોનો સહકાર મેળવી આ આખી બાબતમાં આગળ વધે તે ખૂબ જ જરૂરી બન્યું છે.

૨૦૧૧માં ભૂતપૂર્વ ટ્રસ્ટીઓએ આ પુનર્વિકાસની યોજનામાં ડેવલપરને ૩૫૦૦૦ જેટલું ક્ષેત્રફળ વેચાણાર્થે ઉપલબ્ધ છે અને ફ્લેટનો વેચાણ દર રૂ.૧૩૦૦૦ (ચો.ફુટ) ગણીને અનંતછાયાની બજાર કિંમત ૨૨ કરોડ છે તે પ્રકારના સર્ટીફિકેટ પર આધાર રાખ્યો હતો. આની સામે અને કાયદામાં કે નિયમોમાં કોઈ ફેરફાર થયો ન હોવા છતાં જાન્યુઆરી ૨૦૧૪ માં ડેવલપરે સ્લમ અધિકારી પાસેથી ૬૫૦૦૦ જેટલું ક્ષેત્રફળ વેચાણાર્થે ઉપલબ્ધ બને તેવી મંજુરી મેળવી છે અને આમાં પણ મ્યુનીસીપલ અધિકારી સમક્ષ પ્લાન મંજુરી માટે મુકાય તેમાં ટી.ડી આર ને લગતા નિયમનને સાંકળી લેવાય તો શકયત: બીજા ૬૫૦૦૦ ચો.ફુટ ઉપલબ્ધ બની શકે તેવો કેટલાક આર્કિટેક્ટસનો અભિપ્રાય છે, તે અંગે પણ ભૂતપૂર્વ અનેવર્તમાન ટ્રસ્ટીઓએ ચકાસણી કરાવવી જોઈએ.

ચેરીટી કમીશ્નર સમક્ષ કરાયેલ ઉક્ત અરજીમાં અનંતછાયાના પુર્નવિકાસની યોજના હેઠળ થઈ રહેલ બાંધકામ સ્થગિત કરાવવા જેવી માગણી કરવામાં  આવી છે. આ અરજીમાં વર્તમાન ટ્રસ્ટીઓ અને અનંતનાથજી ટ્રસ્ટને વિપક્ષકારોની ક્ષમતામાં જોડાવવામાં આવ્યા છે. તેથી જો કોઈ પણ કારણસર ઉક્ત અરજી નામંજુર થાય કે પાછી ખેંચાય તો તેમાં ટ્રસ્ટીઓએ અને ટ્રસ્ટે ભલે અનંતછાયાને ઝુંપડપટ્ટી વિસ્તાર તરીકે લેખાવવાની કાર્યવાહી સામે વાંધો લીધો હોય તો પણ તેનો કોઈ અર્થ સરશે નહીં. એ દ્દષ્ટિએ ઉક્ત અરજીમાં યોગ્ય રજુઆત કરવાની સાથે ટ્રસ્ટીઓએ ચેરીટી કમીશ્નર અને હાઈકોર્ટમાં સ્વતંત્ર કાર્યવાહીઓ કરવા બાબતે કાનુની નિષ્ણાતોના સલાહ – અભિપ્રાય લેવાં જોઈએ. આ બધી કાર્યવાહીઓમાં ટ્રસ્ટીઓએ ભાડુતોના પુનર્વસન માટે થનાર બાંધકામ રોકવાની માગણીનો સખત વિરોધ કરવો જોઈએ અને પરોક્ષ રીતે પણ તેવી માગણીને સમર્થન ન મળે તે બાબતે સતર્કતા રાખવી જોઈએ.

અનંતછાયાને ઝુંપડપટ્ટી વિસ્તાર /બિલ્ડીંગનો દરજ્જો અપાયો છે તે મુદ્દે પેચીદા કાનુની પ્રશ્નો તો ઊભા થયા જ છે અને તેને કારણે આવનાર મહીનાઓમાં તેનો વિવાદ ઓર વકરશે તે નિશ્ચિત  છે. તેથી જ તેને લીધે અને અન્ય કારણોસર એક બાજુ વર્તમાન અને ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ વચ્ચે ઉગ્ર વાદ–વિવાદ શરૂ થઈ ગયો છે તેને જ્ઞાતિ અગ્રણીઓની મધ્યસ્થીથીસ્તવરે સુલઝાવવો પડશે. પરંતુ બીજી બાજુ જે મડાગાંઠ સર્જાશે તેમાં એક તરફ ભૂતપૂર્વ અને વર્તમાન ટ્રસ્ટીઓએ સંયુક્તપણે રહેવું પડશે ને બીજી તરફ ડેવલપર પક્ષકાર હશે. આમ, છેવટે ડેવલપર કેવું વલણ દાખવશે–સમાધાનલક્ષી કે પ્રતિકારગામી–તેનાં પર આ પુનર્વિકાસની યોજનાનું ભાવિ અવલંબન કરશે.

આ જોતાં, વર્તમાન અને ભૂતપૂર્વ ટ્રસ્ટીઓમાંથી કોઈએ પણ પરસ્પર વિચાર વિમર્શ કરવાનો તખ્તો ઊભો કરવા માટે સામે ચાલીને પહેલ કરવી પડશે. આવી પહેલ પંદરેક દિવસમાં ન થાય તો જ્ઞાતિના પાંચેક નિષ્પક્ષ કક્ષાની સન્માનીયતા ધરાવતા વિચારશીલ અગ્રણીઓ માટે ભૂતપૂર્વ અને વર્તમાન ટ્રસ્ટીઓને એક મેજ પર લાવવા સિવાય વિકલ્પ નહીં રહે. જ્ઞાતિ ઐક્ય અને જ્ઞાતિજનોના મહત્વના અને દૂરગામી  હિતો જોખમાતા હોય ત્યારે અહમના ટકરાવ અને વૈમનસ્યભર્યા અભિગમને જ્ઞાતિએ બિલકુલ સાંખી લેવા ન જોઈએ, જરૂર પડે તો લાગતા વળગતાઓને સીધા દોર કરતાં પણ કોઈ અચકાટ રાખવો ન જોઈએ.

જ્ઞાતિમાં અને ખાસ કરીને મુંબઈ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટના તખ્તા પર છેલ્લા પાંચેક વર્ષથી ખટપટી રાજકારણ ખેલી રહેલાં બે સામસામા જૂથો વચ્ચે તમામ મતભેદો અને મનભેદો દૂર કરતું સુખદ સમાધાન થાય અને અનંતછાયાની મિલકત દ્વારા જ્ઞાતિને સમુચિત માત્રામાં વધારાની આવક મળે તે માટે અનંતછાયાની હાલની કટોકટી નિમિત્ત બનશે ?

– રા.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી, ૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ,
શ્રી અનંતનાથજી ચોક, મુંબઇ - ૪૦૦ ૦૦૯. ફોન : ૨૩૪૪ ૮૨૭૪

આયોજીત

# સગપણ સેતુ



સમસ્ત જ્ઞાતિજનોને નિવેદન કરવામાં આવે છે કે લગ્નોત્સુક (કન્યા-યુવક) યોગ્ય ઉમેદવારોનો મેળાવો રવિવાર, તા. ૨૫/૧૦/૨૦૧૫ મુંબઈ ખાતે યોજવામાં આવશે. ઉમેદવાર કે તેમના વડીલોએ સગપણ માહિતી માટેના મહાજનશ્રીના ફોર્મ મેળવી તા. ૩૦/૦૯/૨૦૧૫ સુધી ભરી મોકલવાના રહેશે.

**ફોર્મ પ્રાપ્તિ સ્થળ :- રવિવાર તા. ૨૩/૦૮/૨૦૧૫ સવારના ૧૦ થી ૧ કલાકે**

મુલુંડ (વેસ્ટ) : શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ કસ્તુરબા રોડ, મુલુંડ (વેસ્ટ)
ઘાટકોપર (પૂર્વ) : ૧૦૧, બિઝનેસ પાર્ક, તિલક રોડ, ફૂડ સ્પોટની સામે, ઘાટકોપર (પૂર્વ)
ભાંડુપ વેસ્ટ : શ્રી ક.દ.ઓ. મહાજન ઓફિસ, અનંત સિધ્ધિ, ભાંડુપ (વેસ્ટ)
વાશી : જલ્પાબેન ઉત્તિન લોડાયા, યુનિટ-૩, ૧લે માળે, કેસર કુંજ, પ્લોટ ૨૩૭, સેક્ટર ૨૮, વાશી, નવી મુંબઈ. સંપર્ક : 986787 15913
ડોંબીવલી : શ્રી ક.દ.ઓ મંડળ, ડોંબિવલી (પૂર્વ)

**તથા તા. ૨૪-૮-૨૦૧૫ થી સોમવાર થી શનિવાર બપોરે ૧૨ થી ૫ સુધી મુંબઈ મહાજન ઓફિસ - સંપર્ક :** ૨૩૪૪ ૮૨૭૪

**કન્વીનર્સ : રતિલાલ વાલજી ખોના • મનિષા મિતેશ લાલકા**

---

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ

આયોજીત

**કચ્છ યુવક સંઘ**

સંગાથે

# ''!! હલે ત ગડો નકાં ભર લડો !!''

માં પધારવા આપશ્રીને સાદર આમંત્રણ છે.

**તારીખ :** ૨૮/૦૮/૨૦૧૫, શુક્રવાર • **સમય :** રાત્રે ૦૮.૧૫ કલાકે

**સ્થળ :** કાલીદાસ નાટ્યગૃહ, મુલુન્ડ (પ.)

**ઈમ્તિયાઝ પટેલ લિખીત, વસંત મારૂ - વિજય ગાલા દિગ્દર્શીત**
**ડૉ. વિશન નાગડા રૂપાંતરીત અને કચ્છી કલાકારો દ્વારા અભિનીત**
**છૂટા છેડાની સાચી ઘટનાઓ પર આધારિત હદયસ્પર્શી સામાજિક ''કચ્છી'' કોમેડી દ્વિઅંકી નાટક**


**પાસ વિતરણ : ૨૫/૦૮/૨૦૧૫ મંગળવાર સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે**

મુલુન્ડ : ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ
ઘાટકોપર : ૧૦૧, બિઝનેસ પાર્ક, તિલક રોડ, ફૂડ સ્પોટની સામે
ભાંડુપ : શ્રી ક.દ.ઓ. મહાજન ઓફિસ, અનંત સિધ્ધિ
કાંજુરમાર્ગ : શ્રી ચેતન નાગડા - (એ-૩૦૯) અનંતનાથ કોમ્પ્લેક્સ
મસ્જિદબંદર : મુંબઈ મહાજન ઓફિસ - 2344 8274

**વહેલો તે પહેલાના ધોરણે પાસ વિતરણ થશે.**

**આગામી નાટક ડોંબિવલીમાં આયોજાશે.**

## વહીવટી કુશળતાથી સફળ કારકીર્દી બનાવી સંસ્થાઓના આધાર સ્થંભ બનેલા પ્રેમચંદ મુલજી સોનાવાલા



પોતાની વહીવટી શક્તિથી વડાલા અચલગચ્છ જૈન સંઘના ટ્રસ્ટી તરીકે ૧ વર્ષમાં સંઘના જિનાલયનું નિર્માણ પુરું કરાવવામાં મુખ્ય ભાગ ભજવનારા મૂળ ગામ નળિયાના ગદગ-કોચીન-મુંબઈ વસવાટ કરનારા પ્રેમચંદ મુલજી સોનાવાલા સામાજિક, ધાર્મિક કામોની આગવી સમજ અને કાર્યકૌશલ્યથી વિવિધ સંસ્થાઓના આધારસ્થંભ બની રહ્યા.

ડાયરેક્ટર, વાઈસ ચેરમેન અને ચેરમેન તરીકે અરિહંત બેંક સાથે સંકળાયેલા રહી તેમણે બેંકને છોડમાંથી વૃક્ષ બનાવી તેને વટવૃક્ષ બનવા સજ્જ કરી.

૧૫ વર્ષ અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે રહી જિનાલયનું આરસપહાણનું શિખરબધ્ધ સંકુલ બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી. ટ્રસ્ટની કુમઠાની મિલકતને સ્વાવલંબી બનાવવની યોજના સફળ રીતે પાર પાડી.


કે.ડી.ઓ. ક્લાસિકના સ્થાપક સભ્યોમાંથી એક એવા પ્રેમચંદભાઈએ દેવલાલીના અનંત આરોગ્ય નિધિના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું અને હાલમાં સંસ્થાના ચેરમેન હતા.

તેઓ લાયન્સ ક્લબ ઓફ માટુંગા, ગુજરાતી ક્લબના પણ વરિષ્ઠ સભ્ય હતા.

મૂળ વસવાટ સ્થળ ગદગમાં ભણી ડિપ્લોમા ઈન મેકેનિકલ એન્જીનિયરીંગની ડિગ્રી મેળવનારા પ્રેમચંદ ભાઈએ કોચીનમાં ઑટોમોબાઈલ સ્પેરપાર્ટ તથા મુંબઈમાં અગરબત્તીનો વ્યવસાય કર્યા પછી છેવટે પ્લાસ્ટિક મેન્યુફેકરીંગમાં સારી કારકિર્દી બનાવી. પોતાનો મેન્યુફેક્ચરીંગ ગાળો જ્યાં હતો તે આગ્રા રોડ ઈનસ્ટ્રીયલ એસ્ટેટના ૧૦ વર્ષ સુધી ચેરમેન રહ્યા.

તેમની ચિરવિદાયથી ક.દ.ઓ. જ્ઞાતિએ એક સારા વહીવટકાર ખોયા..

## ❀ ભાવાંજલિ ❀



**સ્વ. શ્રી પ્રેમચંદ મુલજી સોનાવાલા**

ગામ : નલીયા - હાલ : માટુંગા

અરિહંત શરણ : તા. ૨/૮/૨૦૧૫

**વ્યવસાયે દીઠી તમારી વહીવટી કુશળતા,**
**સંસ્થાઓના આધાર, પ્રશ્નો ઉકેલવાની સરળતા...**
**અરિહંત શરણે ચિરશાંતિ પામો,**
**તમારા ઉચ્ચ આત્માને આવકારે અનંતતા !**

**શ્રી. ક.દ.ઓ. જૈન મુંબઈ મિડટાઉન સંઘ**

માટુંગા, મુંબઈ

### શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ સીલ્વર જ્યુબીલી સમગ્ર કચ્છી જૈન સમાજનો સમુહલગ્નોત્સવ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ અને શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન મહાજનથી ભુજના સંયુક્ત આયોજનથી સમસ્ત જૈન સમાજનો આગામી સમુહલગ્નોત્સવ-૨૦૧૫ ભુજ-કચ્છ મધ્યે તા. ૧૨ અને ૧૩ ડીસેમ્બરના રોજ યોજાશે. ઈચ્છુક વર-કન્યા પક્ષોએ સમુહલગ્નનાં ફોર્મ ગોવિંદજીભાઈ પટેલ-મુંબઈ મો. 09820540949, કિરણભાઈ દંડ શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ મો. 09833808244 તથા ક.વી.ઓ. જૈન મહાજન, અમરસન્સ ભવન, જી.ઈ.બી. સામે, વિજયનગર, ભુજ અથવા પ્રબોધ મુનવર, લોહાર ચોક, ભીડ ગેટ પાસે, ભુજ સ્થળેથી મેળવી તા. ૩૧-૮- સુધીમાં ભરીને મોકલવાના રહેશે.


જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*

**જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.**

**જ્યોતિ હવે માટુંગામાં જ !**

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / 93222 58574**

શુભેચ્છાઓ સહ...
**સાંધવ રત્ન**
**શ્રી મુલજી રાઘવજી લોડાયા**
**MRL Group of Companies**

શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No. 11-0404
**રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની**
**સંપર્ક : 08879677709**

॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ – મુંબઈ

૨૦૧, મેરાથોન મેક્સિમા, એલ. બી. એસ. માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૮૦.

આયોજિત

SILVER JUBILEE YEAR 2015
GROUP
25 YEARS



## સગપણ સંમેલન – ૨૦૧૫

**: સંમેલન દિન :**
**શનિવાર, તા. ૨૬-૯-૧૫**
બપોરના ૨.૩૦ કલાકે

**: સ્થળ :**
શેઠશ્રી નરશી નાથા સભાગૃહ
A/C હોલ, ભાંડુપ (વે)

# સગપણ સેતુ

આપણો સમાજ હવે આર્થિક રીતે ઘણો સમૃદ્ધ થયો છે તેમજ શૈક્ષણિક ક્ષેત્રે પણ ઘણી પ્રગતિ સાધી છે ઉપર ઉપર થી દેખાય છે કે બધું ઘણુ સારું છે તો પછી યુવકો 30 થી 40 વય ના અને યુવતીઓ 30-35 વય સુધી અપરિણીત બેઠા છે એનું શું ? શું આ વડીલો માટે ચિંતાનો વિષય નથી ? જોકે બંને પક્ષે અપેક્ષાઓની સીમા વટાઈ ગઈ છે સમાજે આમાં પૂરું ધ્યાન આપવાની જરૂર છે આપણો સમાજ ભારતભરના મુખ્ય શહેરોમાં સ્થાયી થયેલ છે પરંતુ સગપણ માટે મોટી મુશ્કેલ એ છે કે આપને ઘણી બધી સીમારેખાઓ બાંધી લીધી છે. વધારે પડતી અપેક્ષાઓ ઓછી કરવી પડશે. ઓછે વતે કયાંય ને કયાંય થોડું ઘણુ કોમ્પ્રોમાઈઝ કરવું પડશે. ત્યારે જ આ સગપણ નો પ્રશ્ન આસાન થશે મુંબઈ સહીત વિશેષ બહારગામ વાળાને પડતી મુશ્કેલીઓને લક્ષમાં રાખી ને રાષ્ટ્રીય ધોરણે આ સગપણ સેતુનું આયોજન કરેલ છે. સગપણ સંમેલન - 2005 લોનાવાલાની સફળતા પછી ફરીવાર મુંબઈ માં આ સગપણ સેતુમાં જોડાવવા આપશ્રી ક.દ.ઓ. જ્ઞાતિજનોને આમંત્રણ આપીએ છીએ. આપ આપના દિકરા -દિકરીઓને આ સગપણ સેતુમાં જોડાઈ જ્ઞાતિ સમાજને સતાવતી સગપણની સમસ્યાને નિવારણની દિશામાં આગળ વધવા વિનંતી.

**નોંધ :** આ સગપણ સેતુમાં આંતરજ્ઞાતીય જૈનેતર કન્યાઓ પણ ભાગ લઈ શકે એ માટે સંસ્થા દ્વારા અથાગ પ્રયત્નો થઈ રહ્યા છે અને વધારેમાં વધારે સગપણ થાય અને સમાજની સમસ્યા તથા વડીલોની ચિંતા દુર કરવાનું સામુહિક પ્રયાસ છે.

**લિ. શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ – મુંબઈ**

| જયેશ જૈન | ગોવિંદજી પટેલ | પ્રવિણ લોડાયા | વિરેન્દ્ર લોડાયા |
|---|---|---|---|
| (પ્રમુખ) | (ઉપપ્રમુખ) | (ઉપપ્રમુખ) | (કન્વીનર) |

**ફોર્મ પ્રાપ્તિ સ્થાન**

201, મેરાથોન મેક્ઝીમા
એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વે), મુંબઈ - 80

13-એ, અનંતદીપ ચેમ્બર, 273/277,
નરશી નાથા સ્ટ્રીટ, ભાત બઝાર,
મસ્જીદ બંદર, મુંબઈ - 09

ચંદ્રા ડીઝીટલ, આર.પી. રોડ,
બેંક ઓફ ઇંડિયાની પાસે, ડોંબિવલી (ઇ) 421 201

**: સંપર્ક :**

ગોંવિદજી પટેલ (મુલુંડ) . . 9820540949
કિરણ દંડ (ભાંડુપ/મુલુંડ) 9833808244
વિરેન્દ્ર લોડાયા (મસ્જીદ) . 9821073830
હરીશ શિયાલ (ડોંબીવલી). 9702854854
ચાંદની લાલકા (વાશી). . . 9833225053
વિપુલ પટેલ (મુલુંડ). . . . 9892199197
હેમંત મોતા (લોનાવલા) . . 9370710891
પ્રબોધ મુનવર (કચ્છ) . . . 9925169876
વિપુલ લોડાયા (ભાંડુપ) . . 9820885717
મીઠીબાઈ દંડ (કાંજુરમાર્ગ). 8080443344
ગુણવંતીબેન મોતા (મુલુંડ) 9619125720
મીના દંડ (વાપી). . . . . . 9727664203

**: ખાસ નોંધ :**

**આ વર્ષે તા. ૧૨ અને ૧૩ ડિસેમ્બર ૨૦૧૫ના ભુજ-કચ્છ મધ્યે યોજાનાર ૨૫મા સિલ્વર જ્યુબિલી ઐતિહાસિક સમુહ લગ્નોત્સવ ૨૦૧૫ માં જોડાવવા માટે સર્વે જ્ઞાતિજનોને હાર્દિક નિમંત્રણ છે.**

BINITA MARU : 98690 34162

॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ

આયોજિત

# સ્નેહમિલન

**"આવ્યો છે સુંદર અવસર રૂડો આંગણે સૌ પ્રેમે પધારી કરીએ અવસર સોહમણો"**

**સ્નેહ મિલન પ્રસંગે સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ.**

**તા. ૪/૧૦/૨૦૧૫ને રવિવાર ના રોજ બપોરના ૨.૩૦ કલાકે**

**સ્થળ :** શેઠશ્રી નરશીનાથા સભાગૃહ, બેન્કવેટ હોલ, અનંત સિધ્ધી,
એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮.

## કાર્યક્રમની રૂપરેખા

૧) તપસ્વીઓનું બહુમાન
૨) ઉચ્ચ ક્રમાંકે પાસ થયેલ વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન
૩) વિવિધ ક્ષેત્રે સફળતા મેળવનારનું વિશિષ્ટ બહુમાન
૪) પર્વ પર્યુષણના વિવિધ દાતાશ્રીનું બહુમાન
૫) સાંસ્કૃતિક કાર્યક્રમ
૬) ઈ:સ ૨૦૧૬માં ૧૬માં તિર્થંકર સાંધવ મંડન શ્રી શાંતિનાથ દાદાને ગાદીશિન થયાના ૧૫૦ વર્ષની ઉજવણી એ પંચાહિન્કા મહોત્સવની રૂપરેખા અને વિવિધ ઉચ્છામણીના આદેશો.
૭) ચોવિહાર

**નોંધ :**

૧) તપસ્વીઓને પોતાના નામ તા. ૨૫/૦૯/૨૦૧૫ સુધી નોંધવવા વિનંતી.
૨) શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ ક્રમાંકે પાસ થયેલ વિદ્યાર્થીઓ પોતાના રિઝલ્ટની નકલ અને નામ તા. ૮/૯/૨૦૧૫ સુધી મોકલવવા વિનંતી.
૩) મહોત્સવની રૂપરેખા નક્કી કર્યાબાદ તેના આદેશો તે સમયે તેજ સ્થળે આપવામાં આવશે. સર્વેને બહોળી સંખ્યામાં પધારવા વિનંતી.
૪) સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનારને વહેલા તે પહેલાના ધોરણે પોતાના નામ તા. ૨૦/૮/૨૦૧૫ સુધી લખવા વિનંતી.

**ડોંબીવલી**

પ્રવીણ મોતા - 098213 30914
જયશ્રીબેન ખોના - 092241 59512
એકતા દંડ - 098923 74909

**મુલુંડ**

વિપુલ પટેલ - 098921 99197
સંદિપ શાહ - 098671 67387
હેતલ પટેલ - 098701 23490

**ભાંડુપ** - 095941 00770

લી. **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ વતી શ્રી શામજી નરશી દંડ (પ્રમુખશ્રી)**

## જિંદગીના અઘરામાં અઘરા પ્રશ્નોનું સરળ, સચોટ અને સંતોષદાયક નિરાકરણ

જીવનનો મૂળ હેતુ જીવન નિર્વાહ અને આનંદ છે પણ આપણે સંબંધ, સંપત્તિ કે તંદુરસ્તી બાબત દુઃખનો અનુભવ કરતા હોઈએ છીએ અને એમાંથી બહાર નીકળવા માટે અન્ય સહારો શોધવાના ફાંફા મારીએ છીએ. તમારા દરેક પ્રશ્નના ઉત્તર તમારે જાતે મેળવવા હોય તો ...

વધુ વિગત જાણવા અને સમજવા તથા પોતાને પગભર થવા.
સંપર્ક :
**રૂપલ શાહ - 98339 96477**

કાઉન્સીલર, માઇન્ડ પ્રોગ્રામર, એસ્ટ્રોલોજર, ટેરો કાર્ડ રીડર, ગ્રાફોલોજીસ્ટ, હેન્ડ રાઇટીંગ એક્સ્પર્ટ, સિગ્નેચર એનાલીસ્ટ ...

તા. ક.: ૬ સેશનમાં ટેરો કાર્ડ શીખો અને નિષ્કર્ષ કે નિર્ણય પર તમારી જાતે પ્હોચો (ગેરન્ટી સાથે).

**Since 1984...**
# Lagna Deep



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

રીયલ બટ કસબની સાડી બોર્ડર પીટ્ટા તાર ભરતની સાડી
કસબ અને જીક કસબની સાડી પારસી વર્ક
બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
પાનેતર બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

**K.D.O. Global Summit on IT & Emerging Business**
Date : **8th & 9th January 2016,** Venue : Nimhans Convention Centre, Near Lalbaug, Benglore, K.D.O. Delegates from all over the world invited. 50 seats reserved for Ladies and NRI K.D.O.s Registration on First Come, First Serve basis.
Main Organiser : **Shri K.D.O. Jain Mahajan Banglore**

**કચ્છી દશા ઓશવાલ ઈન્ફરમેશન ટેકનોલોજી અને વિકાસશીલ વ્યવસાયો વિશે જાગતિક મિલન**

તારીખ : ૮ ને ૯ જાન્યુઆરી ૨૦૧૬, સ્થળ : નિમહંસ કન્વેન્શન સેન્ટર, લાલબાગ પાસે, બેંગલોર, વિશ્વભરના કે.ડી.ઓ. પ્રતિનિધિઓને નિમંત્રણ.

મહિલાઓ અને વિદેશ સ્થિત ભારતીયો માટે ૫૦ બેઠક આરક્ષિત, રજીસ્ટ્રેશન વહેલો તે પહેલોના ધોરણે
**મુખ્ય આયોજક : શ્રી ક.દ.ઓ. જૈન મહાજન - બેંગલોર**

**કચ્છી સાહિત્યિક પ્રવૃતિઓ વિશેની વેબસાઈટ**
**કચ્છી સાહિત્ય પ્રવૃતિઓ - વ્યક્તિઓ વિશેની જાણાવા**
**www.kutchvavad.webs.com** પર સર્ચ કરો. કચ્છી સાહિત્યિક કાર્યક્રમો, કવિ સંમેલનો આદિની વિગત **kutchvavad.gmail.com** પર મોકલવા વિનંતી.

**- નવીન પટેલ,** 09377124552

**પધારો વરાડીયા પધારો**

૧૧૨ વર્ષ પ્રાચીન વરાડીયા તીર્થમાં દાદા શ્રી ચિંતામણી પાર્શ્વનાથજીના દર્શને પધારો. અત્રે ભોજનશાળા તથા અતિથિગૃહની સુવિધા છે.

| | |
|---|---|
| **ભોજનશાળા** | : 99259 84425, 95743 43315 |
| **અતિથિગૃહ** | : 94285 67101, 83470 66642 |
| **નિરંજન મોમાયા** | : 93222 24815 |
| **નલીન ડાઘા** | : 97691 11040 |

**પ્રભુજીના અઢાર અભિષેક તથા જિનાલય ધ્વજાપ્રસંગે શ્રાવણ સુદ ચોથ અને પાંચમ તા. ૧૮/૮ને ૧૯/૮ના પધારવા વિનંતી.**

**સરગમ વોટર પાર્ક - પ્યોર વેજ જૈન ફૂડ**
**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**

ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી - આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ.
સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).
Website : www.sargamwaterpark.com

## હાર્દિક અભિનંદન



### ચિ. દિપેશ પુષ્પા ભરત મેઘજી ખોના

ગામ : સાંધવ (કચ્છ), હાલ : ડોંબીવલી

**''તેં પાર પાડયું ઊંચુ નિશાન**
**ખુબ વધારી ખોના પરિવારની શાન''**

CISA (Certified information Systems Aditor)ની પરીક્ષામાં ૫૪૦ માર્ક મેળવવા બદલ અંતરના શુભાશિષ
(His Score was in the Top 20% of those Testing)

-: શુભેચ્છક :-

મમ્મી-પપ્પા : **પુષ્પા ભરત મેઘજી ખોના**
બહેનો : **એકતા જયકુમાર મૈશેરી (સાધાણ)**
**જીનલ ભરત ખોના**
મામી-મામા : **દિપા વિનોદકુમાર વેલજી બાવરા (તેરા)**
**તથા સમસ્ત ખોના પરિવાર**

## શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ

ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ)

**: તારક નિશ્રા :**
સૌમ્યમૂર્તિ પ.પૂ.આ.ભ.શ્રી **કલાપ્રભસાગરસૂરિજી મ.સા.**

### જીવન શણગાર યુવા શિબિરનો પ્રારંભ

શનિવાર, તા. ૧૫ ઓગસ્ટ તથા
રવિવાર, તા. ૨૩, ૩૦ ઓગસ્ટ, ૬ સપ્ટેમ્બર ૨૦૧૫
બપોરે ૨.૩૦ કલાકે

મુલુંડ નગરે વાસુપૂજય દાદા દરબારે - વય ૧૫ થી ૪૫ યુવક-યુવતીઓની શિબિર રાખેલ છે. જેના ફોર્મ પેઢીએથી મળશે. પૂજયોના પ્રવચન ઉપરાંત પંડિતશ્રી વિશાલભાઈ આ શિબિરનું સંચાલન કરશે. શિબિર પૂર્ણાહૂતિએ ચૌવિહારની વ્યવસ્થા રાખેલ છે. યુવક-યુવતીઓને શિબિરમાં જોડાવવા વિનંતી.

**તા. ૧૬ મી ઓગસ્ટ સવારના ૭.૧૫ વાગે**

**નવકારમંત્ર જાપ શ્રી જયંત રાહી** દ્વારા

ત્યારબાદ નવકારશી

**ઉપરોક્ત બન્ને કાર્યક્રમોમાં સર્વેને ઉમંગભર ભાગ લેવા ભાવભર્યું આમંત્રણ...**

લી. મંત્રીઓ - કન્વીનરો

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

## પાંચમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજંલિ





અરિહંત શરણ :
તા. ૭/૮/૨૦૧૦

**સ્વ. માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ,** સાંધવ - મુલુંડ

સદાય આપી હુંફ અને સાતા... સદાય આપે મમતા અને સમતા એનું નામ માતા.. જ્યાં માતા છે, ત્યાં પાંચે તીરથ છે ... પ્રેમ છે... વાત્સલ્ય છે, માતા તીર્થોત્તમ છે !

**આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે**
**પરમ કૃપાળુ પરમાત્માને એવી પ્રાર્થના**

લી.

પુત્ર-પુત્રવધુ : **અ.સૌ. વિજયા ગોવિંદજી લાલજી પટેલ, મુલુંડ**
પૌત્ર-પૌત્રવધુ : **અ.સૌ. પ્રિયા વિપુલ પટેલ,**
**અ.સૌ. હેતલ હિતેશ પટેલ અને**
**નિખિલ પટેલ**
પૌત્રી : **કિંજલ મેહુલ નાગડા - આબુધાબી**
**તેજલ વિનિત ખોના - મુલુંડ**

### શ્રી શાંતિજિન ગ્રુપના સિતારાને
### હાર્દિક અભિનંદન



**ચિ. દિપેશ પુષ્પા ભરત મેઘજી ખોના**

ગામ : સાંધવ (કચ્છ), હાલ : ડોંબીવલી

CISA (Certified information Systems Aditor)ની પરિક્ષામાં ૫૪૦ માર્ક મળેલ.
(His Score was in the Top 20% of those Testing)

**લી. શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ**

હાર્દિક અભિનંદન **ખોના તથા લોડાયા પરિવારનું ગૌરવ** હાર્દિક અભિનંદન



### કુ. જીનલ રમેશચંદ્ર ખોના

ગામ : રંગપુર, હાલ : ડોંબીવલી

કુ. જીનલ CA Final માં પ્રથમ પ્રયાસે ઉતીર્ણ થઈ પોતાની શૈક્ષણિક કારકિર્દીને યશસ્વી બનાવી છે. આ સિદ્ધિ બદલ તેને વધુ ને વધુ સિદ્ધિઓ તેમજ પ્રગતિ હાસલ કરે એવી અમારી શુભકામના તથા શુભાશિષ.

દાદી-દાદા : **સ્વ. માતુશ્રી જમુબાઈ ડાયાલાલ ખોના**
નાની-નાના : **માતુશ્રી વિજયાબેન કાંતીલાલ લોડાયા,** દલતુંગી
માતા-પિતા : **અ.સૌ. ભાવના રમેશચંદ્ર ખોના**
બહેન : **ચિ. મિનલ રમેશચંદ્ર ખોના**
નાનાણા : **સ્વ. જીવતીબાઈ કરમશી નાગડા,** સેવક ભરૂડીયા

## પૂ.આ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં મુલુંડમાં વાસુપૂજ્ય જિનાલયે વિવિધ કાર્યક્રમો

મુલુંડ પશ્ચિમમાં વાસુપૂજ્ય જિનાલય સંકુલમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન અચલગચ્છીય આચાર્ય પૂ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં રવિવાર, તા. ૨/૮/૨૦૧૫ના સમ્મેત શિખર તિર્થની ભાવયાત્રાનું આયોજન થયું હતું. પંડિત વિશાલ ધરમશી દ્વારા થયેલી ભાવયાત્રામાં ૮૦૦થી વધુ ભાવિકો ઉપસ્થિત હતા. પૂજ્યશ્રીએ તિર્થના પોતાના અનુભવીથી વિષયને વધુ રોચક બનાવ્યો હતો.

મુનિશ્રી હેમચન્દ્રસાગરજીની ટહેલથી મોટી સંખ્યામાં ભાવિકો તાજેતરમાં આરંભાયેલા સમ્મેતશિખર તપમાં જોડાયા છે.

શનિવાર તા. ૧/૮/૨૦૧૫થી ઉપાધ્યાય પૂ. યશોવિજયજી મ.સા. રચિત જ્ઞાનસાર સૂત્ર પરના પ્રવચનોનો પ્રારંભ થયો છે.

રવિવાર તા. ૯/૮/૨૦૧૫ ના અચલગચ્છીય પાકશાળાઓની ક્વીઝ યોજાઈ હતી.

**શનિવાર તા. ૧૫/૮/૨૦૧૫ના સવારે ૬.૩૦ વાગ્યે માંગલિક, ૮ વાગ્યે સ્નાત્ર મેરુ મહોત્સવ, ૯ વાગ્યે પ્રવચન તેમજ બપોરના ૨.૩૦ વાગ્યાથી યુવા શિબિર આદિ કાર્યક્રમો છે.**

**રવિવાર ૧૬/૮/૨૦૧૫ સવારે શ્રી જયંત રાહી સંગે નવકાર મહામંત્ર જાપનું આયોજન છે.**

### લગ્ન સંબંધી

મુંબઈ સ્થિત સુશિક્ષિત દંડ પરિવારની એમ. કોમ ભણેલ. ૧૯૯૦ નું જન્મ. હાઈટ 5'.3" ઈ. સુંદર, સુશિલ સંસ્કારી કન્યા માટે વેલ સેટલ્ડ યુવક ના વડિલો સંપર્ક કરે : મો. 097694 69966

### ડૉ. અબ્દુલ કલામ તમને સલામ



જગવિખ્યાત અને એક વૈજ્ઞાનિક મહાન,
રાષ્ટ્રપ્રેમી અને સ્વપ્નદ્રષ્ટા બન્યા કમાલ.
કવિ હદય અને શિક્ષણના પ્રચારક વિદ્વાન,
વિદ્યાર્થીઓના માર્ગદર્શક અને દિવાદાંડી સમાન.
નમ્રતા અને નિખાલસતા ભર્યા ધૈર્યવાન,
સાદગી અને સંસ્કારિતાની મુડીએ ધનવાન.
સંભાળી દેશના રાષ્ટ્રપતિનું સર્વોત્તમ સુકાન,
વિશ્વભરમાં ઉજાળ્યું ભારતદેશનું નામ.
'અગ્નિ' 'પૃથ્વી' નિર્માણમાં રહ્યું મોટું યોગદાન,
માટે જ રાષ્ટ્રએ આપ્યું 'મિસાઈલમેન' ઉપનામ
દેશ-વિદેશે પામ્યા કીર્તિ - યશ - ગુણગાન,
સ્વદેશને અણુરાષ્ટ્ર બનાવવા કર્યા શ્રેષ્ઠત્તમ કામ.
યથાર્થ રહ્યું જેનું 'ભારત રત્ન'થી મહાસન્માન,
મૃત્યુને વરીને પણ છો સૌના હૈયે જીવંત સમાન.

– જ્ઞાનેશ જયચંદ લાપસીયા, મુલુંડ ચેકનાકા


Sale Sale Sale Sale Sale Sale Sale Sale Sale
UP TO 20 % Discount From 11 Aug.
ON READY STOCK
Sale Sale Sale Sale Sale Sale Sale Sale Sale

**અવસર સારીઝ**
**દાદર**

- કસબ-જીંક કસબ સાડીઓ
- કસબ-જીંક કસબ ચણીયા ચોલી
- પીટા વર્ક સાડી
- બટકસબ સાડી
- બોર્ડર
- બાંધણી

રિયલ ઘરચોળા વ્યાજબી ભાવે મળશે.

**અવસર સારીઝ**
૧, રૂપલ એપાર્ટ., દાદા સાહેબ ફાલકે રોડ, સાધના હોટેલની સામે, દાદર (ઇ.), મુંબઇ ટે. 2416 4239
સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676
ભાવિન દેઢિયા - 98197 23119

હીરાચંદ એલ. છેડા (સુથરીવાળા) ॥ શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ॥
98793 57246
CHHEDA TRAVELS





- ઈનોવા
- વીસ્ટા
- ઈન્ડીકા
- તુફાન
- ટ્રાવેરા
- બસ વગેરે

A/c.-NonA/c. કાર ભાડેથી મેળવવા...
C/o. સવાણી ટ્રાન્સપોર્ટ, ભીડ બજાર, ભુજ - કચ્છ.૩૭૦ ૦૦૧
Email : 69hirachand@gmail.com

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com



કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિની મહિલા શક્તિના પ્રતીક સમ કુ. પન્નાબેન નિતીન મોમાયા (તેરા - અમદાવાદ) હાલમાં ગુજરાત પોલીસની મહિલાઓની સમસ્યા હલ કરનારી અને તેમની સામેના ગુનાઓ રોકનારી ક્રાઈમ બ્રાંચની મહિલા પાંખના ઉચ્ચ અધિકારી તરીકે બઢતી મેળવી તે બદલ તેમને હાર્દિક અભિનંદન.

*તન-મન પરિવાર*



શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

## પાસ થયા અભિનંદન

વધુ ફોટા આવતા અંકે



**આદિત્ય કંચન અભય પોલડીયા**
બાયઠ - બડગરા
B.Tech-Computer Science
માં **70%**, (II Semester)



**પુજા હર્ષદ લાપસીયા**
નાંદેડ
M.Tech Computer Science
1st Year **9.15** Score (91.50%)

**પાસ થયાના સમાચાર મોકલો :**
**પરિણામો મોકલો. પિતા સાથે માતાનું નામ પણ મોકલો.**

શાળાંત, યુનિવર્સીટી, સ્નાતક ઈત્યાદિ પરીક્ષાઓમાં ઉતીર્ણ થયેલા જ્ઞાતિ વિદ્યાર્થીઓને પોતાના ફોટા, પરિણામ, વિશિષ્ટ ઉપલબ્ધિ (વિષય, બોર્ડ, શાળામાં રેંક વિગેરે) માહિતી મોકલવા અનુરોધ છે. ફોટોના કોઈ ચાર્જીસ નથી. કચ્છના મુળ ગામ તથા હાલના વસવાટની વિગતપણ માતા-પિતાના નામ સાથે મોકલશો જેથી લોકો બરાબરથી ઓળખી શકે.

## ડોમ્બિવલીમાં કચ્છી સમાજે યોજયો અનોખો ફૅશન-શો : કચ્છી લૂગડાં વિથ મૉડર્ન તડકા

છેલા કવરપેજથી ચાલૂ

ભાતીગણ સંસ્કૃતિ ધરાવતા કચ્છમાં ચારણ, જૈન, વાણિયા, ભાનુશાલી, લોહાણા, જાડેજા, આહીર, પટેલ, ચોવીસી, ગુર્જર ક્ષત્રિય, કચ્છી રબારી, ઢેબરિયા રબારી, સંગાર જેવી અનેક જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. એથી તેમનાં કપડાં એટલે પહેરવેશમાં પણ એટલી જ વિવિધતા જોવા મળે છે.

આ પ્રોગ્રામમાં સૌથી પહેલા રૅમ્પ પર જોડી માટે કેટ-વૉક કૉમ્પિટિશનથી શરૂઆત થઈ હતી હતી. આમાં યુવાનોએ ધોતીની સાથે બ્લેઝર, હૅરમ લેંઘા, ટી-શર્ટ સાથે ભરત ભરેલા કચ્છી જૅકેટનું કૉમ્બિનેશન, ધોતીની સાથે નેહરુ જૅકેટ અને ગળામાં વીંટાળેલો બાંધણીનો દુપટ્ટો, ધોતી, સ્લીવલેસ જૅકેટ, ટાઈ સાથે પાઘડી જેવાં કૉમ્બિનેશન ધારણ કર્યાં હતાં. આ બધા સાથે લોફર્સ અથવા શુઝ, કડાં અને હાથમાં ડાંગ તો હતી જ. જ્યારે યુવતીઓએ મિની સ્કર્ટ સાથે કંજરી, ઓઢણી, હાથમાં સફેદ ચૂડા તેમ જ ગાગર સાથે રૅમ્પ-વૉક, હૅરમ સલવાર અને ટી-શર્ટ સાથે ભરત ભરેલાં કચ્છી જૅકેટ અને પાઘડી, હૅરમ લેંઘા સાથે ભરત ભરેલી આભલાંવાળી સાડી જેવાં અલગ-અલગ કૉમ્બિનેશન તૈયાર કરીને પોતાના જોડીદાર સાથે રૅમ્પને જાણે કે કચ્છના ગામડાની એક શેરી બનાવી દીધી હતી.

જોડી બાદ હવે વારો હતો ગ્રુપનો. આમાં કોઈ પણ ઍક્ટ કરીને ગ્રુપે રૅમ્પ-વૉક કરવાનું હતું. એક ગ્રુપમાં યુવકોએ કેડિયું પહેરીને જોકરનું રૂપ અને યુવતીઓએ ચાર્લી ચૅપ્લિન તેમ જ રબારણનો લુક ધારણ કર્યો હતો. જોકર લુકમાં ત્યાર બાદ થ્રી-ફોર્થ પૅન્ટ અને ટી-શર્ટ પર કચ્છી જૅકેટ સાથે ટ્રેન્ડી લુક જનરેટ કરવામાં આવ્યો હતો. અન્ય ગ્રુપ દ્વારા સૂપડાં, ગાગર, ફૂલછાબ, સૂકું ઘાસ, સિનોડી તેમ જ કંદીલ સાથે રૅમ્પ-વૉક દરમ્યાન કચ્છનું ગામડું ફીલ કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. એક ગ્રુપ દ્વારા કચ્છી ઢોલ વગાડવાની સાથે દાંડિયા રમાતાં-રમતાં રૅમ્પ-વૉક પણ કરવામાં આવ્યું હતો. એ સિવાય ગ્રુપના ઘણા મેમ્બરોએ વિવિધ ગ્રુપ-ઍક્ટ દરમ્યાન ગિટાર, રેડિયો, સેલ્ફી-સ્ટિક, આભલાં સાથે ભરતકામ કરેલી છત્રી, તલવાર સાથે રૅમ્પ-વૉક કર્યું હતું. આ ગ્રુપ-ઍક્ટ દરમ્યાન પણ ટૉપ નીચે ઘાઘરા, લેગિંગ્સ અને બ્લાઉઝ પર સાડી, બાંધણીની ધોતી સાથે શર્ટ, ધોતી સાથે સ્પોર્ટ્સ બનિયાન, ભરતકામ અને આભલાં ધરાવતા હાફ-પૅન્ટ સાથે શર્ટ, થ્રી-ફોર્થ જીન્સ સાથે બાંધણીનું શર્ટ અને જૅકેટ, આ પ્રકારના વિવિધ વેસ્ટર્ન આઉટફિટ સાથે કચ્છી પહેરવેશનું કૉમ્બિનેશન કરીને રૅમ્પ-વૉક કરવામાં આવ્યું હતું. રૅમ્પ પરનો માહોલ જાઈને લાગી રહ્યું હતું કે અહી કચ્છીઓ મુંબઈમાં નહીં પણ જાણે મુંબઈવાસીઓ કચ્છમાં વસી ગયા હોય.

('મિડ-ડે'માંથી સાભાર

ભૂલ સુધાર

**શ્રી ભલારાદાદા સ્થાનક કુવાપધર ધ્વજા મહોત્સવે હાર્દિક આમંત્રણ**

મુંબઈથી પ્રસ્થાન શનિવાર તા. ૧૯.૧૨.૨૦૧૫ના સયાજી નગરી ટ્રેન દ્વારા.

કચ્છથી રવાના મંગળવાર તા. ૨૨.૧૨.૨૦૧૫ના કચ્છ એક્સપ્રેસ ટ્રેન દ્વારા.

**શેઠશ્રી હીરજી ખીઘરાજ દંડ કચ્છ લાલા : ભૂલ સુધાર**

પ્રકાશ સમીક્ષાના અંક ૩૦માં પ્રગટ થયેલ ઉપરોક્ત લેખના પાના નં. ૭માં છટ્ઠો ફકરો આ પ્રમાણે વાંચવો.

ત્રણેક વર્ષ ઉપર સ્થાનિક શ્રી કોચીન ગુજરાતી વિદ્યાલય જે શ્રી મહાજન શ્રી સમસ્ત નું છે તે કંઈ વિખવાદ ને લીધે બંધ પડેલું તે શ્રી હીરજી ભાઈએ પોતાના ઉપર બધું જોખમ વહોરી લઈ ખોલાવ્યું અને ત્યારથી તેઓ શ્રી વિદ્યાલયના કાર્યવાહક કમિટિના પ્રમુખ પદે બિરાજે છે.

**ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ**
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) ● કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 / 098220 65795
**યુ. કે. ખીમજી એન્ડ કાં.** હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

શુભેચ્છા સહ.....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઇ-૯.

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. મહિલામંચ ખામગામ/શેગાંવ

ખામગામ / શેગાવના મહિલા મંચની મીટીંગ ૫ જુલાઈના મંચની મીટીંગ સૌ. વર્ષા લોડાયાની અધ્યક્ષતામાં યોજાઈ મંચનો ૩ વર્ષનો અહેવાલ વાંચન અને હિસાબ રજુ કરવામાં આવેલ. શ્રી શેત્રુંજ્ય સમ્યજ્ઞાન પરીક્ષામાં ભાગ લેનાર સૌ. હર્ષા નાગડાની અનુમોદના કરવામાં આવી. આગામી વર્ષ માટે નવી કાર્યકરીણી સમિતિની ચૂંટણી થઈ.

૧૨ જુલાઈના મંચની કાર્યકરિણીની નવા વર્ષની પ્રથમ મીટીંગ થઈ. જેમાં નવા ચુંટાયેલા પ્રમુખે પોતાની નવી ટીમનો પરિચય કરાવેલ. પ્રમુખ - સૌ.કુંજનબેન ચેતન લોડાયા, ઉપપ્રમુખ- સૌ. હેતલબેન રજનીશ નાગડા, સેક્રેટરી- શ્રીમતી પ્રવીણાબેન ચિતરંજન દંડ, સહસચીવ સૌ તેજલ બેન હેમંત મોતા અને ખજાનચી સૌ. રશ્મીબેન પ્રફુલ્લ દંડ

સેક્રેટરી શ્રીમતી પ્રવીણાબેને અષાઢીબીજ નિમિતે તિલક રાષ્ટ્રીય સ્કુલમાં અનાથ છોકરાઓને બુંદીના લાડુ અને સેવ તેમજ ફળોનું વિતરણ કરવાનો કરેલ પ્રસ્તાવને અમલમાં મૂકાયો. તેમજ મંચના દરેક સભ્યો પાસેથી સુઝાવ માંગવામાં આવ્યા.

દરવર્ષની જેમ દેરાસરની સાફસફાઈનો અભિયાન તા.૨૧-૨૨ જુલાઈના સંપન્ન થયેલ. જેમાં લગભગ ૧૪-૧૫ સદસ્યો સ્વેચ્છાએ ઉત્સાહપૂર્વક સહભાગી થયા. ખામગામમાં જેટલા ઘર છે તેમાંથી ઘરદીઠ એક સદસ્યને મંચમાં જોડાવાની વિનંતિ કરાતાં નવા સભ્યો પણ જોડાયા છે.

### નાગપુરમાં કચ્છી નવા વર્ષની ઉજવણી

અષાઢીબીજના (૧૭.૦૭.૨૦૧૫) સવારના મહાકાલી માતાજીની ભાવના હર વર્ષની જેમ મેઘજી ભાણજી શાહના ઘરે ખૂબ રમઝટથી ભણાવાઈ. ભાવનામાં આપણા સમાજના ભાઈ-બહેનોની સંપૂર્ણ હાજરી હતી.ભાવના બાદ આ.ભ.કલા પૂર્ણ સુરીશ્વરજી વાગડ સમુદાયના આચાર્ય શ્રી પુર્ણ ચંદ્ર સુરીશ્વરજી ઠાણા ૭ વર્ધમાન નગર સંઘમાં ચાર્તુમાસ પ્રવેશ થયો. સ્વામી વાત્સલ્યના લાભાર્થી પરિવાર શ્રીમતી તારાબેન મેઘજી ભાણજી શાહ તથા શ્રીમતી સુશીલાબેન રમણીકલલા પરિવાર હતા.


### ક.દ.ઓ.જૈન યુવા મંડળ ધુલિયા

ક.દ.ઓ.જૈન યુવા મંડળ ધુલિયાએ તા.૧૪.૦૬.૧૫ના જ્ઞાતિની બોર્ડિંગમાં ગેટ-ટુ-ગેધરનો કાર્યક્રમ આયોજિત કરેલ. સંચાલિકા કુ.જલ્પા ભાટે તથા કુ.હર્ષા શાહે સૌનું સ્વાગત કરેલ.

યુવાસભ્યે હાઉસી રમાડેલ જેમાં પ્રથમ ક્રમે સૌ.રૂપાલી સોની, બીજા ક્રમે સૌ. પ્રેરણા ભાટે તથા તૃતીય ક્રમે જયંત શાહને પ્રાઈઝ મળેલ. ધુલિયાના ક.દ.ઓ.કુટુંબોની ડિરેક્ટરી બનાવવાનું નક્કી થયેલ છે, તેવી માહિતી આપી, તેના પત્રકો બધાને આપયેલ સાંજના ચોવિહારની વ્યવસ્થા રાખેલ. એક પેપર ગેમ સૌ. જીના દૌલત પ્રથમ ક્રમે વિજેતા થયા. શ્રી વાસુપૂજ્ય સ્વામીજીની ભાવના ભણાવીને આરતી કરેલ. આયોજનને સફળ બનાવવા યુવા મંડળના સૌ સભ્યોએ સારી એવી મહેનત કરેલ અને સૌએ ખૂબ જ આનંદ માણ્યો.

### વર્ધમાનનગરે ચાર્તુમાસ પ્રવેશ..


આ.ભ.શ્રીમદ્ નિત્યાનંદ સૂરિશ્વરજી મ.સા.નાં અજ્ઞાનુવર્તિન પ.પૂ.હેમલતાશ્રીજી મ.સા., પૂ.જ્યોતિપ્રજ્ઞાશ્રીજી મ.સા.આદિઠાણા -૮ નો વર્ધમાનનગર મધ્યે ચાર્તુમાસ પ્રવેશ વખતે વર્ધમાન શ્વેતાંબર જિનાલય ટ્રસ્ટ અને વર્ધમાનનગરે જેન સંઘ દ્વારા વાજતે-ગાજતે, શણગારેલ બેડો, ગહુંલીઓથી ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ. આ પાવન પ્રસંગે ગુરૂભક્તો વિશાળ સંખ્યામાં ઉમટી પડયા હતા.

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

## સાતમી પુણ્યતિથીએ વ્હાલી માવડીને ભાવભીની શબ્દાંજલી



જન્મ તા. ૧૧.૧૧.૪૩ — દેવશરણ તા. ૧૨.૮.૦૮

### અ.સૌ. તારાબેન નવીનચંદ્ર છેડા.

(ગામ : વારાપધર) (હાલ : ભાંડુપ)

**માતૃવંદના**

હેતની તું હેલી ને;<br>
વહાલનો તું દરિયો,<br>
હૃદયે તું ભોળી ને;<br>
આતમે તું ઉજળી,<br>
નેહની તું વર્ષા ને;<br>
મમતાની તું મૂરત,<br>
સ્વભાવે તું સરળ ને;<br>
પરકાજે તારૂં જીવન,<br>
પરિવારનું તું હાસ્ય;<br>
સૌ હૃદયે તારૂં રાજ્ય,<br>
મા એ તું છે અમારી;<br>
જય છે તું અમારી,<br>
જીવન નું તું છે અમૃત;<br>
તારા વિના છે અધૂરપ,<br>
પ્રભુ તું દેજે એને શાતા;<br>
મારી માવડીને દાતા.

આપને હરઘડી હરપળ યાદ કરનારા

**પુત્રવધુ - પુત્ર : સ્વ. સૌ. વર્ષા જયેશ છેડા,**<br>
**સૌ. દેવિકા વિજય છેડા.**<br>
**પૌત્ર - પૌત્રી : જય, ચાર્વિ.**

### કોઠારામાં ભવ્યાતિભવ્ય ચાર્તુમાસ પ્રવેશ

અબડાસા મોટી પંચતીર્થનાં કોઠારા તીર્થે પૂ.સાધ્વી શ્રી કોમલગિરાશ્રીજી મ.સા., પૂ.સાધ્વીશ્રી સિદ્ધગિરાશ્રીજી મ.સા.આદિઠાણા - ૨ એ ચાર્તુમાસ પ્રવેશ કરતાં શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા વાજતે ગાજતે, શણગારેલા બેડા તથા ગહુંલીઓ સાથે સામૈયું કરવામાં આવેલ. કોઠારા જૈન સમાજનાં તથા બહારગામથી પધારેલા ભાવિકો વિશાળ સંખ્યામાં જોડાયા હતા.

પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરતાં દેવ ગુરૂની વ્યાખ્યા, જિનશાસનનો મહિમા અને ચાર્તુમાસનું મહત્ત્વ સમજાવ્યું હતું.

કોઠારા મહાજનશ્રીનાં અધ્યક્ષ શ્રી નલીનભાઈ અજાણીએ મહેમાનોને આવકાર આપ્યો હતો. સૂત્ર વહોરવાનાં ચડાવાનો લાભ માતુશ્રી ખેતબાઈ ચાંપશી ભવાનજી ધરમશી, ચરિત્ર વહોરાવવાનાં ચડાવાનો લાભ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનશ્રીએ સાંયરાએ લીધેલ. મતિજ્ઞાન પૂજનનાં ચડાવાનો લાભ માતુશ્રી કાંતાબાઈ ગોવિંદજી અજાણી, શ્રુતજ્ઞાનનો પ્રેમાબાઈ લાલજી લોડાયાઅવધિજ્ઞાનનો નવલબાઈ માણેકજી પાલાણી, મનપર્યવજ્ઞાનનો માતુશ્રી મણીબાઈ ટોકરશી લોડાયા પાંચોરા, કેવલ જ્ઞાનનો માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવારે લાભ લીધેલ.
સવારની નવકારશી તથા બપોરની સાધર્મિક ભક્ત માતુશ્રી કાંતાબાઈ ગોવિંદજી અજાણી પરિવાર દ્વારા યોજવામાં આવેલ. પ્રવેશ પ્રસંગે રૂ.૧૫૦ નું સંઘપૂજન કરવામાં આવેલ.

સંચાલન શ્રી પ્રબોધ મુનવરે જ્યારે આભારવિધિ દીનેશ લોડાયાએ કરેલ. વ્યવસ્થામાં લહેરચંદ લોડાયા, ધનપતિ લોડાયા, દિનેશ મોતા હીરાલાલ જીવાણી, મુલચંદ મુનવર, પ્રદિપ મુનવર, દામજી નાગડા તથા સર્વે કાર્યકર ભાઈ-બહેનોએ સહકાર આપ્યો હતો.

### તારાચંદભાઈ છેડાના સ્વાસ્થય માટે સમુહ જાપ

પ.પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય કીર્તીચંદ્ર સૂરીશ્વરજી મ.સા., પ.પૂ.ગણદર સમઆચાર્ય પ.પૂ.ચંદ્રશેખર વિજયજી મ.સા.ના શિષ્ય રત્ન પ.પૂ.મુનિરાજ શ્રી હંસબોધી વિજયજી મ.સા., આદિ મુનિભગવંતો પૂ.સાધ્વીશ્રી ભગવંતોની શુભ નિશ્રામાં મુઠ્ઠી ઉંચેરા માનવી, સૌના લાડીલા, રાજયના માનનીય મંત્રીશ્રી, માંડવી-મુન્દ્રા વિસ્તારમાં ધારાસભ્ય, માનવસેવાના ભેખધારી, જીવદયાપ્રેમી, જૈન સમાજનાં મોવડી,

ક.વિ.ઓ.જૈન મહાજનશ્રી ભુજ તથા સર્વ સેવા સંઘ ભુજનાં અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડાનું સ્વાસ્થય સ્વસ્થ અને નીરોગી બને તેવા સંકલ્પ સાથે સમુહ જાપનું આયોજન વાણિયાવાડ જૈન ગુર્જરવાડી મધ્યે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રબોધ મુનવરે તથા આભાર દર્શન નવિનભાઈ લાલને કરેલ. વ્યવસ્થામાં દિપક લાલન, ભરતભાઈ ઘીવાલા તથા સર્વે કાર્યકરોએ સહકાર આપ્યો હતો. વર્ધમાનનગર, નવનીતનગર, અબડાસા પંચર્તીથીના સુથરી , કોઠારા , નલીયા જખૌ, તેરા તથા જૈન વસ્તીવાળા ગામોમાં સમુહ જાપ યોજાયા હતા.

### પાંચોરામાં કચ્છી નવ વર્ષની ઉજવણી

પાંચોરામાં અષાઢી બીજના કચ્છી નુતન વર્ષ ઉજવવામાં આવેલ. સૌ.હેમલ ભીમલ લોડાયા તથા સૌ દિપ્તી દિપક નીસરે વિવિધ ગેમ રમાડેલ . જેમાં સૌ. મનિષા અભય લોડાયા તથા પૂજા મહેન્દ્ર મોતા અને ચિ.રાજ યુરેશ મોતાને ઈનામ અપાયા મહાજનની વાર્ષિક સાધારણ સભામાં વિવિધ વિષયો પર ચર્ચા વિચારણા થઈ. વિશેષમાં શિક્ષણમાં શત્રુંજ્ય એકડમી સમ્યક જ્ઞાન નિશાખ ડિગ્રી મેળવનાર રાજેશ ઈશ્વરલાલ ખોનાને લાલજી ટોકરશી લોડાયા તરફથી ઈનામો અપાયાં. શ્રીમતી રેખાબેન ખુશાલચંદ પોલડીઆનું જિન ગણ તપની આરાધના કરવા બદલ બહુમાન કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંચાલન રાજેશ ઈશ્વરલાલ ખોનાએ કરેલ. કમલેશ ખુશાલચંદ ખોનાએ આભાર વિધિ કરી હતી.

### કોચીન દેરાસરજીના હોલનું નવીનકરણ અને નામકરણ

કોચીન દેરાસરજીના વ્યાખ્યાન હોલ નવીનકરણ બાદ કુરૂવા હોલ તા.૨૦ જુલાઈથી રાખવામાં આવ્યું, કેમકે નવીનકરણ માટે માતુશ્રી ભચીબાઈ શામજી કુરૂવા પરિવારે રૂ। ૨૫ લાખ રૂપિયાનું મોટુ દાન આપેલ છે. શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને શ્રી કૈયવન નરેન્દ્ર નંદુના નેતૃત્વમાં ઉચ્છામણીમાં રૂા એક કરોડ જેટલી રકમ એકત્ર થયેલ.

### ૯૯ યાત્રા કરનાર કોચીનના જ્ઞાતિ બાળકો

એપ્રિલ અને મે ૨૦૧૫માં કોચીનથી કુલ ૧૦ બાળક/બાળીકાઓ પાલીતાણાની ૯૯ જાત્રા કરેલ તેઓનું સન્માન કરવામાં આવેલ ક.દ.ઓ. જ્ઞાતિમાંથી ચિ.વિમલ રમેશ ખોના તથા ચિ.પાર્થ લલિત લોડાયા પણ હતા.

### કોચીન મહાજનના નવા કમિટી મેમ્બર

શ્રી સુરેશ ખેતશી સાનીએ સ્વાસ્થ બરાબર ન રહેતા KDO કમીટી મેમ્બર તરીકે સેવા નહિ આપી શકે તે વિચાર વ્યક્ત કરતા શ્રી કે.ડી.ઓ.મહાજન કોચીને શ્રી પરેશ નવીન ખોનાને કમીટી મેમ્બર તરીકે કોઓપ્ટ કરેલ છે.

### શ્રી કોચીન ગુજરાતી મહાજન દ્વારા ગ્રાઉન્ડનું કુરૂવા ગ્રાઉન્ડ તરીકે નામાંકરણ

શ્રી કોચીન ગુજરાતી મહાજન ઓપન ગ્રાઉન્ડનું નામ હાથી ગુટ્ટો એટલે કે હાથી તળાવ હતું OPEN GROUND તે હવે મે ૨૦૧૫ થી કુરૂવા ગ્રાઉન્ડ તરીકે ઓળખાય છે. શ્રીમતી ભચીબાઈ શામજી કુરૂવા પરિવારએ રૂ.૨૫ લાખનું દાન શ્રી કોચીન ગુજરાતી મહાજનને આપેલ તે દાતા પરિવારને માન આપતા આ જગ્યાનું નામાકરણ કુરૂવા ગ્રાઉન્ડ તરીકે કરાયેલ.

### કોચીન દેહેરાસર ના મુખ્ય હોલના રીનોવેશન માટે ઉછામણી

શ્રી મુનિપ્રવર ગુરૂદેવ શ્રી ધર્મપ્રભાસાગર મ.સા., મુનિ શ્રી રાજશેખરસાગર મ.સા.અને મુનિ શ્રી ધર્મશેખરસાગરજી મ.સા.નું શ્રી કોચીન શ્વેતામ્બર મૂ.પૂજક જૈન સંઘ, કોચીન ચાર્તુમાસ પ્રવેશ તા.૨૦ જુલાઈ ૨૦૧૫ના થયો.

### દલતુંગી પર્યુષણ

શ્રી ક.દ.ઓ.જૈન મહાજન દલતુંગીની યાદી પ્રમાણે પર્યુષણ કરવા આવનાર ગામવાસી ભાવિકોની જમવાની વ્યવસ્થા કરાઈ છે. દેરાસરનું ઈલેક્ટ્રીકલ કામ પુરું કરાયું છે. સાધારણ ખાતાની જરૂરતો પૂરી કરવા રૂ. ૩૦૦૦ ના દાતા નોંધાયા છે.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

## નવા/બદલાવેલા સરનામા-(પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **પરેશ આર.લોડાયા** | હીરાસદન, ૨ જે માળે, રૂમ નં ૨૦, આર.આર.ટી.રોડ, આશાપુરા મંદિરની ઉપર, ચેતના હોસ્પિટલની સામે, મુલુંડ (પ), મુંબઈ - ૪૦૦ ૦૮૦ |
| **પુનશી એલ.લોડાયા** | ૧૦૧, જીવનદીપ બિલ્ડીંગ, રાજાવાડી પોસ્ટ ઓફિસની નજીક, એમ.જી.રોડ, ઘાટકોપર (પૂ) ૪૦૦ ૦૭૭ |
| **રાજેશ વી.લાપસીયા** | બી-૧૦૩, મંગલ આરતી, કેસર બાગ, સ્વામી નારાયણ મંદિરની નજીક, રેલ્વે સ્ટેશનની નજીક, મુલુંડ (પૂ) - ૪૦૦ ૦૮૧ |
| **વિજય જેતશી લોડાયા** | ૨૨, આનંદજ્યોતી સોસાયટી, આનંદનગર, પં.દીનદયાલ રોડ, આનંદનગર ગાર્ડનની સામે, ડોંબિવલી(પ) ૪૨૧ ૨૦૨મો.9167843114/9222121796 |
| **વિજય લધુભાઈ લોડાયા** | વૈકુંઠધામ કો.ઓ-હૉ.સો., ડી-વિંગ, ૪થે માળે, રૂમનં ૪૦૫, જે.એમ.રોડ, ભાડુંપ (પ) - ૪૦૦ ૦૭૮ |
| **વીણા દિપક લોડાયા** | શંખેશ્વર પાલ્મ, બિલ્ડીંગ નં ૧, સી-વિંગ, રૂમ નં ૩૦૨, કુંભારખાન પાડા, ખાડોભા મંદીર, ડોંબિવલી (પ) ૪૨૧ ૨૦૨ |
| **રજનીકાંત ભવાનજી લાપસીયા** | ૨, ભોય તળિયે, આર્ય દર્શન અપાર્ટમેન્ટ, ઘનશ્યામ ગુપ્તે રોડ, દુર્ગા ડેરીની નજીક, ડોંબિવલી (પ) - ૪૨૧૨૦૨ |

# જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯.૦૪.૧૫ | ઓમન | મિહિર-વીરાંકા/જીગ્નેશ ચંદ્રકાંત સાવલા | નવાવાસ | પુત્ર |
| ૧૮.૦૬.૧૫ | બરોડા | કૈવન્ય-ભક્તિ/પિયુષ ધનપતિ ખોના | જખૌ | પૂત્ર |
| ૨૦.૦૬.૧૫ | ડોંબિવલી | ડેલીશા-ખુશ્બુ/નિખીલ વીરેશ મોમાયા | નલીયા | પુત્રી |
| ૦૨.૦૭.૧૫ | ડોંબિવલી | ધ્રુવીકા-કુંજલ/પરાગ દેવેન્દ્ર મોમાયા | સાંયરા | પુત્રી |
| ૦૨.૦૭.૧૫ | ડોંબિવલી | ધ્રુવાંસ-કુંજલ/પરાગ દેવેન્દ્ર મોમાયા | સાંયરા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩.૦૮.૧૫ | ઘાટકોપર | સાવન ગૌતમ ખેતશી મોમાયા | સાયરા | ૩૦ |
| | ઘાટકોપર | કૃપા પંકજ વનરાજ લોડાયા | રંગપુર | ૨૯ |
| ૦૪.૦૮.૧૫ | જાલના | યુનિત દિનેશ શિવજી ધરમશી(ભીમાણી) | નલીયા | ૨૭ |
| | વડોદરા | ખુશ્બુ રાજેશ કાનજી લાલકા | બાંઢીયા | ૨૨ |

### આંતર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૦૭.૧૫ | ઘાટકોપર | હાર્દિક શાંતીલાલ કાલીદાસ દોશી | જુનાગઢ | ૩૬ |
| | નેરૂલ | આરતી અશોક પદમશી નાગડા | રંગપુર | ૩૪ |
| ૧૯.૦૭.૧૫ | મીરારોડ | રવિન કિર્તી વિરચંદ કુરૂવા | ગોંધરા | ૨૭ |
| | કાંદીવલી | ભૈરવી મુકેશભાઈ નારાણદાસ ગડોયા | માગરોળ | ૨૫ |

### આંતર જ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦.૦૫.૧૫ | ડોંબિવલી | જીગ્નેશ વિનોદ ગાંગજી લોડાયા | મોટી ખાવડી | ૩૧ |
| | વિરાર | ભાવિકા ખાંતિલાલ મુલજી શેઠ | પાલીતાણા | ૨૯ |
| ૨૫.૦૭.૧૫ | ઘાટકોપર | હાર્દિક શાંતીલાલ કાલીદાસ દોશી | જુનાગઢ | ૩૬ |
| | નેરૂલ | આરતી અશોક પદમશી નાગડા | રંગપુર | ૩૪ |
| ૨૬.૦૭.૧૫ | બેંગ્લોર | પ્રતિક તરૂણ શામજી લોડાયા | સુથરી | ૨૬ |
| | મૈસુર | ઉર્વશી દિલિપ પ્રાણલાલ વોરા | અંજાર | ૨૪ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૦૮.૧૫ | ડોંબિવલી | ચેતના ગીરીશ મેઘજી મોતા | નવાવાસ | ૪૯ |
| ૦૨.૦૮.૧૫ | મુલુંડ | રતનબાઈ જેઠાભાઈ છેડા | નલિયા | ૮૮ |
| ૦૨.૦૮.૧૫ | માટુંગા | પ્રેમચંદ મુલજી સોનાવાલા | નલિયા | - |
| ૦૪.૦૮.૧૫ | વાશી | રાયચંદ ડુંગરશી ગોસર | વારાપધર | ૬૮ |
| ૦૪.૦૮.૧૫ | ડોંબિવલી | નિર્મલા નવીન મૈશેરી | નાની સિંધોડી | ૭૦ |
| ૦૭.૦૮.૧૫ | સેંધવા | મીના દિનેશ દામજી મોમાયા | બારોઈ | ૫૧ |

# મોમાયા અને ધ્રોળ પરિવાર નો ગૌરવ



## !!.. Congratulations..!!

**78%**
in Final Year of B.E.
Electronics & Telecommunication
**(ENGINEERING)**

**Achievements**
- **1st Rank** in College — Pillai Institute of Information Technology
- **Top 30th Rank in Mumbai**

શૈક્ષણીક ક્ષેત્રે પુરુષાર્થના કલમ પડે ઊતરોતર પ્રગતીના પગથિયા ચડતો રહે
માતા પિતા અને પરિવારનુ ગૌરવ વધારતો રહે

એજ શુભેચ્છા સહ અભિનંદન

**ચિ. સાગર મોમાયા**


પપ્પા - મમ્મી: મીતા ભરત મોમાયા (93237 67398) (જખૌ-ડોંબીવલી)
દાદા - દાદી: માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા (જખૌ-ડોંબીવલી)
દાદા - દાદી: માતુશ્રી દિવ્યાબેન દામજી મોમાયા (જખૌ-ઘાટકોપર)
નાના - નાની: માતુશ્રી લીલાવંતી રાયચંદ ધ્રોળ (સાયંરા-ડોંબીવલી)

**Blessing and Best wishes from**

**Mahesh Raichand Shah (Mama)**
ALL INDIA AGENCY FOR
White Horse Ceramic - Malaysia

WHITE HORSE
mahesh@whitehorseceramic.in
Contact: +91 976 9999 000
www.whitehorseceramic.in

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ



## સ્વ. શ્રી શિવજી નરશી પોલડીયા

(ગામ : બાયઠ - હાલ : પેડર રોડ)
અરિહંત શરણ : તા. ૧૬/૮/૨૦૧૪

વીત્યું વર્ષ એક તોય જીવંત દરેક પળની સ્મૃતિ...
પ્રથમ પુણ્યતિથીએ સ્મરણાંજલિ દેતા સ્વજનો પ્રાર્થે પામો ઉચ્ચગતિ...

શોકાતુર : શ્રીમતી તારાબેન શીવજી નરશી પોલડીયા
શ્રી નરશી લધાભાઈ પોલડીયા સમસ્ત પરિવાર - બાયઠ

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# ડોમ્બિવલીમાં કચ્છી સમાજે યોજયો અનોખો ફેશન-શો : કચ્છી લૂગડાં વિથ મૉડર્ન તડકા






ડોમ્બિવલીમાં થયેલા ફેશન-શો 'કચ્છી લૂગડાં વિથ મૉડર્ન તડકા'ની વાત જ કૈંક જુદી હતી. કચ્છીમાં લૂગડાં એટલે કપડાં. અત્યારે ચાલી રહેલી મૉડર્ન ફેશન એટલે કે વેસ્ટર્ન આઉટફિટ સાથે કચ્છી કપડાંનો સમન્વય એટલે કચ્છી લૂગડા વિથ મૉડર્ન તડકા.

નવ્યતા ૨૦૧૫ અંતગર્ત શ્રી ડોમ્બિવલી ક.વી.ઓ. સેવા સમાજની યુવા પાંખ દ્વારા આ ફેશન-શોનું આયોજન રવિવારે ડોમ્બિવલીમાં કરવામાં આવ્યું હતું.

યુવા પાંખના પ્રમુખ મોનીક ગોસરે આ આયોજન વિશે 'પત્રકારોને'કહ્યું હતું કે 'યુવાનોને કચ્છી પહેરવેશ બાબતે જાગરૂકતા આવે અને કચ્છ પ્રત્યેનો તેમનો લગાવ વધે એ માટે અમે આ પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. આ ફેશન-શોમાં ભાગ લેનારાઓએ વેસ્ટર્ન આઈટફિટ સાથે કચ્છી પહેરવેશનું કૉમ્બિનેશન કરીને રૅમ્પ પર કૅટવૉક કરવાનું હતું'.

અનુસંધાન ૧૪મા પાને






## દેવજી ભોજરાજ શિઆલ પરિવાર જખૌનું ગૌરવ




અ ભિ નં દ ન

**દીપક અજય શિયાલ - ડોંબીવલી**

મુંબઈ યુનિવસિટીમાંથી June 2015 **BE (EXTC)**માં **67%** **1st Class Engineer**ની પદવી મેળવી. શૈક્ષણિક ક્ષેત્રે પરિવારમાં પહેલા એન્જીનિયર થયા, તેનું ગૌરવ અનુભવીએ છીએ.

માતા-પિતા : અ.સૌ. રેવંતી અજય શિઆલ, ડોંબીવલી
દાદાણાં : માતુશ્રી નેણબાઈ નરસી દેવજી શિઆલ, ડોંબીવલી
નાનાણાં : માતુશ્રી નિર્મલાબાઈ નારાણજી ખોના, મોટી ખાવડી-બારસી

❋ શુભેચ્છાસહ દિવ્ય આશિષ ❋

**શ્રીમતી પ્રેમીલાબાઈ તેજપાર શિઆલ**, બારામતી
**શ્રીમતી વેજબાઈ હીરાચંદ શિઆલ**, ડોંબીવલી
**અ.સૌ. નિર્મલા શાંતિલાલ મુલજી શિઆલ**, સાંતાક્રુઝ

## પટેલ (મોતા) તથા ખોના પરિવારનું ગૌરવ

**હાર્દિક શુભકામના**



**અભિનંદન**

**ચિ. જતીન વર્ધમાન પટેલ (મોતા)**
(તેરા - નાગપુર)
B.Com. C.A.

મે 2015 **C.A.** ની પરીક્ષામાં પાસ થયેલ છે. ભવિષ્યમાં પણ ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી અમારા સૌની મંગળકામના...



❋ શુભાશિષ ❋

દાદી-દાદા
**માતુશ્રી વેજબાઈ નરપાર પટેલ પરિવાર** તેમજ
નાની-નાના
**માતુશ્રી લીલાવંતીબેન ખેતશી ખોના પરિવાર** (નલીયા - હુબલી)

❋ શુભેચ્છક ❋

માતા-પિતા
**સૌ. શશીકલા વર્ધમાન પટેલ**
મો. 099230 50629 / 094231 05416

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS**, 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,